# <u>શિક્ષણ વિભાગ</u>

**ગુરૂવાર, તા.૦૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪(પહેલી બેઠક)**ના રોજ હાથ ધરાનાર પૂરક માંગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) પરની ચર્ચામાં

---------------------------------------------------------------------------

**માન. સભ્યશ્રી પરસોત્તમભાઈ પરમાર (૬૦–દસાડા)**

**<u>પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના (પીએમ પોષણ યોજના)</u>**

**<u>(પૂર્વેની મધ્યાહન ભોજન યોજના)</u>**

- **માનનીય અધ્યક્ષ શ્રી**,

  ૧૫ મી વિધાનસભાના **ચોથા** સત્રમાં આ સભાગૃહમાં સરળ સૌમ્ય સ્વભાવના માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ **નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪** ની **પૂરક માંગણીઓ** લઈને આવ્યા છે. તેના સમર્થનમાં શિક્ષણ વિભાગની **મધ્યમ અને ગરીબ વર્ગના બાળકો માટે આશિર્વાદરૂપ** એવી પીએમ પોષણ યોજના જે ભૂતકાળમાં મધ્યાન ભોજન યોજના તરીકે ઓળખાતી હતી તેના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

  વિકસિત ગુજરાતના સંકલ્પો સાકાર કરવા જન કલ્યાણના કાર્યો કરી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી માનનીય ભુપેન્દ્રભાઈ પટેલની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક ક્ષેત્રમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી રહી છે.

- **માનનીય અધ્યક્ષશ્રી**

  કોઈપણ સમાજ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસના માપદંડનો જો કોઈ આધાર હોય તો તે છે શિક્ષણ પ્રત્યેક માનવીની તેજસ્વીતા ઓજસ્વીતા નિર્ભયાતા ગંભીરતા માનસિક

શાંતિ પ્રગતિ ઉન્નતી કલ્યાણના મહત્વનું કોઈ જો ક્ષેત્ર હોય તો તે છે તેનું શિક્ષણ આ આ દેશની આવનાર પેઢીના શિક્ષણની સાથે તેના પોષણ પ્રત્યે જાગૃકતા દાખવી અમારી ભાજપાની સરકાર કામ કરી રહી છે ત્યારે,

- **માનનીય અધ્યક્ષ શ્રી**
  જેમ બાળકોના શિક્ષણ માટે આપણે પાઠ્યપુસ્તકો પ્રદાન કરીએ છીએ તેમ વર્ગખંડમાં બાળકનું ધ્યાન કેન્દ્રિત કરવા શીખવા તેમજ યાદશક્તિ માટે બાળકને વધુ સારી રીતે સજ્જ કરવા સ્વસ્થ શરીર જરૂરી છે અને બાળકના સ્વસ્થ શરીર માટે ગરમ – પૌષ્ટિક ભોજન પ્રદાન કરવું જરૂરી છે. તે માટે અમારી સરકાર મારફતે પીએમ પોષણ યોજના શરૂ કરવામાં આવી છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  બાળકની પોષણની સ્થિતિ સુધારવી, વંચિત/ગરીબ વર્ગોના બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા, નિયમિત હાજરી, શૈક્ષણિક ઉન્નતિ અને સામાજિક સમાનતા અને શાળાના વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવો તેમજ બાળકના કુપોષણ ઘટાડવામાં પીએમ પોષણ યોજના ની મુખ્ય ભૂમિકા છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  વર્ષ **૨૦૨૩–૨૪માં** પીએમ પોષણ યોજના માટેનું બજેટ રૂપિયા **૧૧૯૫.૬૦ કરોડ** છે જે અંતર્ગત **૩૨,૩૩૨** સરકારી પ્રાથમિક શાળાઓમાં સરેરાશ **૪૨ લાખ** વિદ્યાર્થીએ બપોરના ગરમ અને પૌષ્ટિક રાંધેલા ભોજન અને નાસ્તાના લાભ મેળવેલ છે. જેનું સુધારેલ બજેટ **₹૧૨૫૪.૮૬ કરોડ** છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  બાળકોને પ્રોટીન અને કેલરી યુક્ત આહાર આપવા સેન્ટ્રલ ફૂડ ટેકનોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને પોષણયુક્ત આહારના નિષ્ણાતો દ્વારા નિયત કરાયેલ સુખડી બનાવવાની રીત થી તૈયાર કરેલી સુખડી અઠવાડિયામાં એકવાર આપવામાં આવે છે **વર્ષ ૨૦૨૩–૨૪માં** સરેરાશ **૪૨ લાખ** વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવેલ છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  રાજ્યના **૧૨** જિલ્લાના **૨૮** વિકાસશીલ તાલુકાઓની પ્રાથમિક શાળાઓના બાળકોને દૈનિક **૨૦૦ મિલિગ્રામ** ફ્લેવર દૂધ આપવાની દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ **૩.૨૫ લાખ** બાળકોને લાભ આપવામાં આવેલ છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાના બાળકોમાં કુપોષણ નિવાધવાના હેતુથી **વર્ષ ૨૦૨૨-૨૩** થી પીએમ પોષણ યોજનામાં બાળકોના ભોજનમાં આયોડિન ઉપરાંત લોહતત્વ ધરાવતા **"પોષક"** ડબલ ફોર્ટીફાઈડ મીઠાનો ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાનો અંદાજિત **૪૨** લાખ બાળકોએ લાભ મેળવેલ છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  પીએમ પોષણ અંતર્ગત જરૂરી સામગ્રી મરી મસાલા શાકભાજી બળતણ તથા દરામણ વગેરેમાં ભાવ વધારો થતા બાળકોને જરૂરી પોષણયુક્ત ભોજન માટે કુકિંગ કોસ્ટમાં વધારો કરવામાં આવેલ છે. તેમજ

- **માનનીય અધ્યક્ષ શ્રી,**
  પીએમ પોષણ અંતર્ગત કુલ **૯૬,૩૮૩** માનદવેતન ધારકોના માનદવેતનમાં વધારો કરવામાં આવેલ છે જેના કારણે અંદાજિત બજેટમાં વધારો થવા પામેલ છે જે ઉચિત છે માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ જે પુરક માંગણીઓ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને છેલ્લે એક પંક્તિ રજૂ કરી મારી વાત પૂરી કરું છું કુપોષણને નાથી શું આડે આવતા અવરોધોને પડકારીશું શિક્ષણ થકી દૂર કરી શું રહ્યા છે અંધકારની પીએમ પોષણ યોજના થી કુપોષણને જળ મૂળથી ભગાડીશું.

- **જય શ્રી રામ,**
- **વંદે માતરમ્,**
- **ભારતમાતા કી જય.**